# અજમલ કસાબને ફાંસી અપાઈ

મુંબઈ,તા. ૨૧

૨૬/૧૧ મુંબઈ હુમલાના અપરાધી અને પાકિસ્તાની આતંકવાદી કુખ્યાત અજમલ અમીર કસાબને આજે સવારે ફાંસી આપી દેવામાં આવી



હતી. કસાબને મુંબઈની અતિ સુરક્ષા વ્યવસ્થા ધરાવતી આર્થર રોડ જેલમાંથી પૂણેની યરવાડા જેલમાં સ્વિફ્ટ કરવામાં આવ્યા બાદ સવારે ૭.૩૦ વાગે ફાંસી આપી દેવામાં આવી હતી. ફાંસી આપી દેવામાં આવ્યા બાદ તબીબોએ કસાબને મૃત જાહેર કરી દીધો હતો. મોડેથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે જણાવ્યું હતું કે સવારે ૯.૩૦ વાગે યરવાડા જેલની અંદર જ કસાબની દફનવિધી પણ કરી દેવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી સુશીલકુમાર સિંદેએ પણ કસાબને ફાંસી આપવાના અહેવાલને સમર્થન આપી દીધું છે. ૨૩મી ઓકટોબરના દિવસે ગૃહમંત્રાલયે રાષ્ટ્રપતિને અપીલ કરી હતી. આ અગાઉ કસાબને ફાંસી આપવાના અહેવાલને મહારાષ્ટ્રના ગૃહપ્રધાન આરઆર પાટિલે પણ સમર્થન આપ્યુંહતું. પત્રકાર પરિષદમાં તેમને કહ્યુંહતું કે સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી લીધા બાદ સવારે ૭.૩૦ વાગે યરવાડા જેલમાં કસાબને ફાંસી આપી દેવામાં આવી હતી. તેમને કહ્યું હતું કે સમગ્ર દુનિયાની સામે કસાબનો અપરાધ સાબિત થયો હતો અને આખરે તેને ફાંસી આપી દેવામાં આવી છે. કસાબને ફાંસી ૨૬/૧૧ના આતંકવાદી હુમાલામાં માર્યા ગયેલા નિર્દોષ લોકો અને શહીદ ઓફિસરો માટે શ્રદ્ધાંજલિ સમાન છે. હજુ સુધી આ બાબત જાણી શકાઈ નથી કે કસાબને મૃતદેહ અંગે કયો નિર્ણય લેવામાં આવશે. કેન્દ્રીય ગૃહપ્રધાનના જણાવ્યા મુજબ આ અંગે પહેલાંથી જ પાકિસ્તાનમાં એક પત્ર મોકલવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. ફાંસી આપવામાં આવ્યા બાદ પાકિસ્તાનને ફરી એક ફેક્સ



મોકલીને કસાબને ફાંસી આપવાની માહિતી આપવામાં આવી છે. સિંદેના જણાવ્યા મુજબ જો પાકિસ્તાન સરકાર તરફથી કસાબનો મૃતદેહ લેવા માટે અનુરોધ આવશે તો તેના ઉપર વિચારણા કરવામાં આવશે. દયા અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ તરત જ મંગળવારે કસાબને મુંબઈની આર્થર રોડ જેલમાંથી પૂણેની યરવાડા જેલમાં ગુપ્ત રીતે ખસેડવામાં આવ્યો હતો. યરવાડા જેલમાં ફાંસી આપવાની વ્યવસ્થા છે. આ જ કારણસર આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

કસાબને સવારે ૭.૩૦ વાગે ફાંસી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૨૫ વર્ષીય કસાબ જાન્યુઆરી ૨૦૦૮થી આર્થર રોડ જેલમાં હતો. કસાબ એ ૧૦ આતંકવાદી પૈકી એક હતો જે દરિયાઈ માર્ગે મુંબઈમાં પ્રવેશ કરી ગયા હતા અને ૨૬/૧૧ના હુમાલને અંજામ આપ્યો હતો. આ હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા. મુંબઈમાં હુમલાને અંજામ આપતા પહેલા આ આંતકવાદીઓએ ગુજરાતના દરિયાકાંઠેથી એક ભારતીય બોટને હાઈજેક કરીને તેના કેપ્ટનને પણ મોતને ઘાત ઉતારી દીધો હતો. કસાબે સપ્ટેમ્બરમાં રાષ્ટ્રપતિની પાસે દયાની અરજી મોકલી હતી. આ અગાઉ ૨૯મી ઓગસ્ટના દિવસે સુપ્રીમ કોર્ટે પણ મામલાને ખૂબ જ અસામાન્ય ગણાવીને કસાબની ફાંસીની સજાને યોગ્ય ઠેરવી હતી. જસ્ટિસ આફતાબ અલમ અને સી કે પ્રસાદે પણ મુંબઈ હુમલામાં પકડી પાડવામાં આવેલા એક માત્ર આતંકવાદી કસાબ અંગે કહ્યું હતું કે જેલમાં સુધારના કોઈ સંકેત આપ્યા ન હતા.તે પોતાને હીરો તરીકે અને પાકિસ્તાની દેશભક્ત ગણાવી રહ્યો હતો જેથી કોર્ટે કહ્યું હતું કે તેના માટે એક માત્ર ફાંસી જ યોગ્ય છે.

## ૨૬/૧૧નો ત્રાસવાદી કસાબ પણ ફાંસી પહેલા મોત જોઈને ફફડી ઉઠ્યો હતો

પૂણેની યરવાડા જેલમાં નવેમ્બર ૨૦૦૮માં થયેલા ભીષણ આતંકવાદી હુમલાના મામલામાં જીવતા ઝડપાઈ ગયેલા આતંકવાદી કસાબને આજે સવારે ફાંસી આપી દેવામાં આવી હતી. ફાંસી આપવામાં આવી તે પહેલા ૨૬/૧૧નો આતંકવાદી કસાબ પણ નર્વસ દેખાઈ રહ્યો હતો અને મોત જોઈને ફફડી ઉઠ્યો હતો. કસાબે તેની છેલ્લી ઈચ્છા કોઈ વ્યક્ત કરી ન હતી પરંતુ કહ્યુ હતુ કે અલ્લાહ કી કસમ દોબારા એસી ગલતી નહીં કરુંગા. કસાબની દયાની અરજી પાંચમી નવેમ્બરના દિવસે રાષ્ટ્રપતિએ ફગાવી દીધી હતી. ૧૨મી નવેમ્બરના દિવસે જ તેને ફાંસી આપવામાં આવશે તે અંગે જાણ કરી દેવામાં આવી હતી. પાકિસ્તાની નાગરિકે ૧૯મી નવેમ્બરના દિવસે પૂણેની જેલમાં ખસેડવામાં આવ્યો તે પહેલા ડેથ વોરન્ટ ઉપર હસ્તાક્ષર કરી દીધા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ કસાબે પાકિસ્તાનમાં તેની માતા સાથે વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો કે આ અહેવાલને સમર્થન મળ્યુ નથી.

ફાંસી આપવા પહેલા કસાબ નર્વસ દેખાઈ રહ્યો હતો. કસાબે ફાંસી પહેલા નવાઝ પણ અદા કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ જેલના એક વરિષ્ઠ અધિકારીએ આર્થર રોડ જેલના સેલમાં કસાબ માટે ડેથ વોરન્ટ વાંચીને સંભળાવ્યુ હતુ. આ અધિકારીએ કસાબને એમ પણ કહ્યુ હતુ કે દયાની અરજી રાષ્ટ્રપતિ દ્વારા ફગાવી દેવામાં આવી છે. ડેથ વોરન્ટ વાંચવામાં આવ્યા બાદ કસાબને જેલની બહાર લઈ જવામાં આવ્યો હતો અને વોરન્ટ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. ઓપરેશનની ગુપ્તતા જાળવી રાખવા સ્થાનિક પોલીસને પણ ગોઠવવામાં આવી હતી. માત્ર થોડાક ઓફિસર સિવાય આઈટીબીપીના ૨૦૦ જવાનો તૈનાત રાખવામાં આવ્યા હતા. આઈટીબીપીના જવાનો હજુ પણ ખાલી જેલમાં સુરક્ષા અદા કરી રહ્યા છે.

## દેશની જીત થઈ : સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટલ નિક્કમ

કુખ્યાત પાકિસ્તાની આતંકવાદી કસાબને ફાંસી આપવામાં આવ્યા બાદ ખાસ પબ્લિક પ્રોસીક્યુટર ઉજ્જવલ નિક્કમે તેમની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આખરે દેશની જીત થઈ છે. આ કેસમાં ઉજ્જવલ નિક્કમે ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી અને કસાબને ફાંસી સુધી લઈ જવામાં ભૂમિકા અદા કરી હતી. નિક્કમે કહ્યું છે કે ૨૬/૧૧ના હુમલામાં માર્યા ગયેલા તમામ લોકોને કસાબને આપવામાં આવેલી ફાંસી એક શ્રદ્ધાંજલિ સમાન છે.

કસાબને ફાંસી આપીને અમે તમામ નિર્દોષ લોકો અને શહીદ થયેલા પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છીએ. ઉજ્જવલ નિક્કમે વહેલી સવારે જ કસાબને ફાંસી આપવામાં આવ્યા બાદ તેમની પ્રતિક્રિયા આપી હતી. કસાબને ફાંસી આપી તેને મૃત્યુદંડની સજા ફટકારીને અમે સાબિતી આપી દીધી છે કે કઈ રીતે પાકિસ્તાનમાં સમગ્ર કાવતરુ ઘડવામાં આવ્યું હતું. અમે એવો દાખલો પણ બેસાડવામાં સફળ રહ્યા છીએ કે ભારત આવા આતંકવાદી હુમલાને ચલાવી લેશે નહીં.

# સંસદનું શિયાળુસત્ર આજથી શરૂ

નવી દિલ્હી, તા. ૨૧

સંસદનું શિયાળુ સત્ર આવતીકાલથી વિધિવતરીતે શરૂ થઈ રહ્યુ છે. શિયાળુસત્ર તોફાની બને તેવી સંભાવના છે કારણ કે ભાજપ સહિતના વિરોધ પક્ષો સરકારને ભીંસમાં લેવા માટે કમરકસી ચુક્યા છે. મલ્ટિબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈ, ભ્રષ્ટાચાર, તીવ્ર મોંઘવારી, ડિઝલની કિંમતમાં ભાવ વધારા, એક વર્ષમાં એક પરિવારને માત્ર છ સબસિડી વાળઆ એલપીજી ગેસ સિલિન્ડર આપવા સહિતના મુદ્દાઓ પર યુપીએ સરકારને મુશ્કેલીમાં મુકવા ભાજપ સહિતના વિરોધ પક્ષો તૈયાર છે. બીજીબાજુ યુપીએ સરકારે પણ તેની વ્યૂહરચના ઘડી કાઢી છે.

મલ્ટીબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈના મુદ્દે સરકાર અને વિપક્ષ વચ્ચે શાબ્દિક યુદ્ધ જામે તેવી પૂરી સંભાવના છે. ચોમાસુ સત્ર જેમ શિયાળુ સત્ર પણ તોફાની બને તેવી પૂરી શક્યતા છે. સરકારમાં એક સમયે સામેલ રહેલ તૃણમુલ કોંગ્રેસ મલ્ટીબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈ આપવાના નિર્ણયના વિરોધમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની હિલચાલમાં વ્યસ્ત છે. જો કે રાજકીય વર્તુળોમાંથી મળી રહેલા સંકેત અનુસાર મમતા બેનર્જીના અવિશ્વાસ પ્રસ્તાવને વિપક્ષ સહિત વિવિધ રાજકીય પક્ષોનું ભાજપ અને ડાબેરી પક્ષો મતદાનની જોગવાઈ હેઠળ આ મુદ્દે પ્રસ્તાવ લાવવાની વિચારણા કરી રહ્યું છે. બે માસ અગાઉ યુપીએ-૨માં સામેલ તૃણમૂલ કોંગ્રેસ પાસે ૧૯ સાંસદ છે. જ્યારે અવિશ્વાસ પ્રસ્તાવ માટે લોકસભામાં કુલ સાંસદોની સંખ્યાના ૧૦ ટકા એટલે કે ઓછામાં ઓછા ૫૪ સભ્યોની જરૂરિયાત છે. બીજી બાજુ ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ મલ્ટીબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈ મુદ્દે મતવિભાજનની જોગવાઈ બાબતે પ્રસ્તાવ લાવવાનો નિર્ણય કર્યો છે. જો કે અવિશ્વાસ પ્રસ્તાવ પર વિકલ્પ ખુલ્લા રાખ્યા છીએ. જ્યારે સરકાર આ મુદ્દે સંખ્યા મેળવી લેવાનો વિશ્વાસ ધરાવે છે. તેનું માનવુંછે કે સરકાર પર કોઈપણ પ્રકારનું જોખમ નથી. સંસદીય કાર્ય મંત્રી કમલનાથે તૃણમુલ કોંગ્રેસના અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની યોજનાને મહત્વ ન આપતા કહ્યું હતું કે ૩૨ વર્ષની મારી સંસદીય કારકિર્દીમાં પ્રથમ વખત જોઈ રહ્યો છું કે ૧૯ સભ્યોવાળો પક્ષ સરકારને પ્રસ્તાવ લાવવાની ધમકી આપે છે. સંસદીય કાર્યમંત્રી તરીકે પ્રથમ સત્રમાં જઈ રહેલા કમલનાથે કહ્યુંહતુંકે, ૧૯ સભ્યો ધરાવતા પક્ષની અમને ધમકી આપવાનો અર્થ ધમકી નથી. શિયાળુ સત્ર ૨૦મી ડિસેમ્બર સુધી ચાલશે. જ્યાં ૨૦ કાર્ય દિવસ છે. જેમાં અંદાજે ૨૫ બિલો રજૂ કરાશે. લોકપાલ અને લોકાયુક્ત મુદ્દે બિલ પર સરકારી નોકરીઓમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિને અનામત સંબંધિત બંધારણ (૧૧૭)નું સંશોધન બિલ તેમજ આરટીઆઇ એક્ટીવિસ્ટ સંરક્ષણ વિધેયક સહિત અન્ય બિલો આ સત્રમાં મુકવામાં આવશે.

## કસાબને ફાંસી બાદ સંતોષ થઈ રહ્યો છેઃ ભાજપનો મત

નવી દિલ્હી,તા. ૨૧

મુખ્ય વિરોધપક્ષ ભાજપે આજે સવારે કુખ્યાત આતંકવાદી મોહમ્મદ અજમલ અમીર કસાબને આપવામાં આવેલી ફાંસી અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે દેશે આતંકવાદી ઓપરેટરોને કઠોર મેસેજ આપી દીધો છે. ભાજપના પ્રવક્તા મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે મોડેથી ફાંસી આપવામાં આવી છે પરંતુ આ બાબત સંતોષજનક છે.

કસાબને ફાંસીથી સાબિત થયું છે કે દેશમાં અંધાધૂધી ફેલાવવા ઈચ્છુક લોકોને છોડવામાં આવશે નહીં. પોતાની પ્રતિક્રિયામાં ભાજપે કહ્યું હતું કે કસાબને ફાંસી દેશ માટે પણ મોટી રાહતની બાબત છે. તેને ફાંસી આપીને અમે અમારી તાકાત પુરવાર કરી છે. જો કે ભાજપે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ સમક્ષ હજુ પણ કેટલીક દયાની અરજી પેન્ડીંગ પડેલી છે જે અંગે વહેલી તકે નિકાલ લાવવામાં આવે તે જરૂરી છે. કસાબને વહેલી સવારે ૭.૩૦ વાગે યરવાડા જેલમાં ફાંસી આપવામાં આવ્યા બાદ ભાજપે મિનીટો બાદ જ આ પ્રતિક્રિયા આપી હતી.

## સ્પાઈસ જેટ પ્રમોટરોની હિસ્સેદારીને વેચશે નહીં

સન ગ્રુપે આજે જણાવ્યુંહતુ કે ઉડ્ડયન સાહસ સ્પાઈસ જેટને વિસ્તરણ માટે જંગી નાણાંની જરૂર છે. પ્રવર્તમાન શેરધારકો પાસેથી ઈક્વિટી યોગદાન સહિત તમામ પાસાઓ પર ચકાસણી કરવામાં આવશે. આ ઉપરાંત ડેબ્ટ રકમ ઉભી કરવામાં આવશે પરંતુ પ્રમોટરો તેમના શેર વેચવાની કોઈ યોજના ધરાવતા નથી.

સન ગ્રુપના વડા કલાનિધિ મારન અને તેમના પત્નિ કાવેરી મારન દ્વારા સ્પાઈસ જેટના પ્રમોટર કંપની પૈકી એકમાંથી રાજીનામુ આપી દીધુ છે. મારન પરિવારની સ્પાઈસજેટમાં બહુમતિ હિસ્સેદારી છે. હિસ્સેદારીને લઈને અટકળોનો દોર શરૂ થયો છે. સ્પાઈસ જેટમાં પ્રમોટરની હિસ્સેદારી વેચવા માટે કોઈ યોજના હોવાનું ગ્રુપે ઈન્કાર કર્યો છે અને કહ્યુ છે કે વિસ્તરણ યોજના હાથ ધરવા વધુ પ્રમાણમાં નાણાં ઉભા કરવા અન્ય વિકલ્પો ચકાસમાં આવશે. સન ગ્રુપના સીએફઓ એનએલ નારાયણે કહ્યુ છે કે અમને રોકડ રકમની તાકીદની જરૂર છે. વિકલ્પો ચકાસવામાં આવી રહ્યા છે.

## જયલલિતા સામે ફોજદારી કાર્યવાહી આખરે રદ કરાઈ

ચેન્નઈ,તા. ૨૧

તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાને આજે મોટી રાહત મળી હતી. સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના આદેશના આધાર પર તમિળનાડુના મુખ્યમંત્રી સામે હાથ ધરવામાં આવેલી ફોજદારી કાર્યવાહીને રદ કરી દીધી હતી. સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૧ની વિધાનસભાની ચૂંટણીમાં ચાર નોમિનેશન પેપર દાખલ કરવા બદલ જયલલિતા સામે કેસ રજુ કરવા ચૂંટણીપંચને આદેશ આપવાના તેના હુકમની ફેરચકાસણી કરવા મદ્રાસ હાઈકોર્ટને સૂચના આપી હતી.

બેંચે ચાર મહિનાની અંદર આ મામલામં ચકાસણી કરવા હાઈકોર્ટને આદેશ કર્યો હતો. જમિન સોદાબાજી કેસમાં અપરાધી ઠેરવવાના કારણે ચૂંટણી લડવાથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા હોવા છતાં જયલલિતાએ ચાર જગ્યાએથી નોમિનેશ પેપર ભર્યા હતા અને ચારેય રદ કરી દેવામાં આવ્યા હતા. ગઈકાલે સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૧ની વિધાનસભા ચૂંટણી દરમિયાન મલ્ટિપલ નોમિનેશન દાખલ કરવા બદલ તમિળનાડુના મુખ્યમંત્રીની ટિકા કરી હતી. જસ્ટિસ એચએલ દત્તુ અને સીકે પ્રસાદની બનેલી બેંચે અન્નાદ્રમુકના વડાની અરજી પર સુનાવણી ચલાવતીવેળા આ મુજબનો આદેશ કર્યો હતો.

ચાર નોમિનેશન પેપર દાખલ કરવા બદલ તેમની સામે હાથ ધરવામાં આવેલી ફોજદારી કાર્યવાહીને રદ કરવાની માંગ કરીને જયલલિતાએ અરજી કરી હતી. બેંચે કહ્યુ હતુ કે તમે રાજ્યના સૌથી ટોચનો હોદ્દો ધરાવો છો. મદ્રાસ હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને જયલલિતાએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમો કોર્ટે ચૂંટણીપંચના રિટર્નિંગ ઓફિસરની પણ ટિકા કરી હતી.

## એક નાનકડી ભૂલ !!! (પાના નં. ૪ નું ચાલુ)

સમય ધીમે ધીમે વીતતો ગયો. સાથે સાથે એના મનની કોમળ ભાવનાઓ મૃત્યુ પામતી ગઈ. હવે ના એને કોઈની રાહ જોવાની હતી કે ના પાછા ફરવાની કોઈ આશા. બસ, હવે તો બાળકોની સાર-સંભાળ. એમના માટે જીવવાનું જ એનું ધ્યેય હતું.

સમય આવતાં એણે બાળકોને બધું સાચું જણાવી દીધું. એને એ વાતની ખુશી હતી કે, એને દોષ દીધા સિવાય, એના ઘા પર મલમ લગાવ્યો હતો. એણે પરિસ્થિતિ સાથે સમજુતી કરી, સમયને એણે પોતાના વિવેક, સંયમ અને પરિશ્રમથી પોતાનાથી અનુકૂળ બનાવી લીધો હતો. આજ કારણથી શિખા ડૉકટર બની ગઈ હતી અને શિવ એન્જિનીયર.

શિખાએ પોતાના ડૉકટર મિત્ર સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી, તો એણે જરાય ખચકાટ વગર અનુમતિ આપી દીધી હતી. જેથી એના જીવનમાં એની સમાન કક્ષાની ચિંતા ના રહે. શંકાનાં વાદળ ના ઘેરાય. સીમાબેને આમાં પણ એને મદદ કરી હતી. એ સમયે એક આશા જન્મી હતી કે, પુત્રીને આશીર્વાદ આપવા માટે એ આવી જાય, પરંતુ વ્યર્થ...

એક દિવસ તે શાળામાંથી આવી, તો સીમાબેનને બેઠેલાં જોઈને તે ચમકી ગઈ. તે પોતાના સ્વભાવથી વિરૂધ્ધ ખૂબ ગંભીર લાગી રહી હતી. એણે પૂછતાં જ, એમણે કંઈ કહ્યા વગર એક પત્ર એના હાથમાં પકડાવી દીધો.

‘‘અનુ,

મને માફ કરી દેજે. તારા પર વહેમ કરીને ના ફક્ત તને, પરંતુ મારી જાતને પણ મેં સજા કરી છે. જયારે આ વાત મારી સમજમાં આવી, ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. તારાથી દૂર રહીને જ, તારા - મારા પ્રેમને હું સમજી શક્યો. દૂર રહીને પણ હું હંમેશાં તારી પાસે રહ્યો. હકીકતમાં તારા પર વહેમ કરીને તારા પાસે આવવાની હિંમત ચાલતી ન હતી. હવે થોડા ‘શ્વાસ’ જ બાકી રહી ગયા છે. તને એક વાર, ફક્ત એક વાર મળવા ચાહું છું.’’

અનુપમા હાથમાં પત્ર લઈને વિચારતી રહી ગઈ. એણે કહેલા એક વાક્યે એની જિંદગી બદલી નાંખી. પુરૂષ પોતાની જવાનીના પ્રસંગ ખૂબ રસપૂર્વક સંભળાવે છે. કૃષ્ણ બનીને રાસ રચાવતાં, તે એ નથી વિચારતો કે જે છોકરીઓ જોડે તે પ્રેમલાપ કરે છે, તે કાલે કોઈની પત્ની બનશે, પરંતુ પોતાની પત્નીને તે સ્વચ્છ અને નિષ્કલંક ઈચ્છે છે.

‘‘અનુ, હું સમજી શકું છું, કે તારા મનમાં શું ચાલી રહ્યું છે? એ સાચું છે કે, તે વિરહની વેદના ભોગવી છે. ડગલેને પગલે અપમાનો સહન કર્યાં છે. જે સમયે બાળકો અને તારે એમની ખૂબ જરૂરત હતી, ત્યારે તે તને નોંધારી મુકીને ચાલ્યો ગયો હતો. પરંતુ તે તારો જ નહીં, મારો પણ ગૂનેગાર છે. મેં પણ આટલાં વરસ ભાઈ વગર વિતાવ્યાં છે. અનુ, તું આવે કે ન આવે, એ તારી મરજી છે. હું તારા પર મારી મરજી નહી લાદૂં. પરંતુ હું તો આજે જ જઈ રહી છું. કંઈ નહીં તો એને એટલું તો પૂછું કે, મેં તારો એવો શો અપરાધ કર્યો હતો કે, તારા કારણે મારી ‘રાખડી’ ઓને દર વર્ષે નિરાશા ભોગવવી પડી?

અનુ, આ પત્ર તને ના બતાવતી પરંતુ હકીકત જાણીને તું મને પણ દોષિત ગણવા લાગે. આ મેં છેલ્લા શ્વાસ લઈ રહેલી વ્યક્તિની છેલ્લી ઈચ્છા પુરી કરવામાં આવે છે. જેથી તે શાંતિથી મૃત્યુ પામી શકે.’’ આંખોમાં આવેલા આંસુઓને, પાંપણો પર રોકતાં સીમાબેન ઊભા થયાં

એકવાર તો અનુને થયું કે, તે ના પાડી દે. તે શા માટે એ વ્યક્તિને મળે, જેણે એને દુઃખ-દર્દ ભરી જિંદગી બક્ષી. એની જિંદગીને નરક બનાવીને મુકી દીધી. પરંતુ એની આંખોમાં ચમકતા આંસુઓએ એના દિલને ડગમગાવી દીધું. લોકો તો આવી સ્થિતિમાં મિત્રો અને પરિચિતોને પણ જોવા માટે જાય છે, અને આ તો એનો પતિ હતો. જિંદગીમાં દસ વર્ષ જોઈ લે કે, એના વગર અનુએ જિંદગી કેવી રીતે જીવી છે!

‘‘બહેન, હું પણ આવું છું.’’ અચાનક જ અનુપમા એ પોતાનો નિર્ણય જણાવ્યો. ‘‘ભલે’’ એમણે વહાલથી અનુના માથે હાથ ફેરવતાં કહ્યું.

હોસ્પિટલનાં પલંગ પર સૂતેલા એ હાડકાના માળાને પણ ઓળખી ના શકી. એને જોઈને પેલી પલંગમાં સૂતેલી વ્યક્તિની આંખમાં એક ચમક આવી હતી. કંઈક કહેવા માટે હોઠ ફડફડ્યા હતા. પરંતુ કંઈ ન કહી શકવાની વિવિશતા આંખોમાં આંસુ બનીને વહેવા લાગી અને એની સાથે ચાલતા શ્વાસ અટકી ગયા હતા.

બહેન રોઈ પડી હતી, અને તે વિચારી રહી હતી કે વગર કરેલા ગૂનાઓની સજા એણે વધુ ભોગવી હતી કે વિમલે? એની પાસે તો ઘર હતું, બાળકો હતાં, પરંતુ વિમલ તો એકલો જ ભટકતો રહ્યો. એના અભિમાન અને મનમાં ઊભાં થયેલાં વહેમની ધૂને એની જિંદગીને બરબાદ કરી નાંખી હતી. અચાનક જ એના હાથે એના માથા પર કરાયેલા મોટાં ચાંલ્લાને ભૂંસી નાખ્યો. જો કે આ ચાંલ્લાનું તો મહત્ત્વ એના માટે પંદર વર્ષ પહેલાં જ ખતમ થઈ ગયું હતું. પરંતુ એક ક્ષણ આશાનું પ્રતિક બની, આ ચાંલ્લો એના માથાને શોભાયમાન કરી રહ્યો હતો. આજે એ આશા પણ ના રહી. તે સીમાબેનના ખભે માથું મુકીને ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી.

## નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

અસમાન ભાગે મધ અને ઘી સાથે સિતોપલાદીનું ચાટણ કરવું. એકલા મધ સાથે પણ કરી શકાય. મધ એ શ્રેષ્ઠ કફનાશક છે. સિતોપલાદી ચૂર્ણ ચાટ્યા બાદ અર્ધા કલાક સુધી કાંઇ જ ખાવું પીવું નહિં, પાણી પણ નહિં.

● **અરડૂસી :**

કાળી અને સફેદ એમ બે જાતની થતી અરડૂસી પણ ખૂબ પ્રચલિત છે. ગામડાઓમાં તો બાળકોને ઉધરસ થાય કે તરત જ અરડૂસીના ઉકાળા અપાતા હોય અને આથી શરદી પણ જલ્દી મટે, અરડૂસીથી કફ પાતળો થાય છે અને ખાંસી - ઉધરસનો વેગ ઘટે છે. શરદીવાળાઓએ અરડૂસીના પાનનો ઉકાળો કરી પીવો, કે સાકર સાથે પીવો જો કફ ઘણઓ જાડો હોય અને નીકળતો ન હોય તો અરડૂસીના પાનનો રસ, સાકર, મધ અને ચપટી ભાર જેટલું સંચળ નાખી લેવું. અરડૂસીને દ્રાક્ષ તથા હરડે સાથે પણ લેવાય.

● **ભોરીંગણી :**

સર્વત્ર થતી એવી સમગ્ર અંગ પર બારિક કાંટાયુક્ત ભોરીંગણીને સંસ્કૃતમાં કંટકારી કહે છે. ભોરીંગણીના મૂળનો ઉકાળો કરી તેને મધ તથા સંચળ સાથે આપવો. આ ઉપરાંત ભોરીંગણી, સૂંઠ, અજમા, અને લીંડી પીપરનો ઉકાળો પણ આપી શકાય. ઉકાળો બનાવવામાં કાંટાને કારણે તકલીફ થાય તો બજારમાં કંટકારી અવલેહ મળે છે જે ચાટણ સ્વરૂપે હોય છે. તેનો ઉપયોગ કરી શકાય.

● **કાકડાશીંગી :**

બાળકો માટેનું ઉત્તમ ઔષધ ગણાતી કાકડાશીંગી (કર્કટશ્રૃંગી - સંસ્કૃતમાં) બાળકો તેમજ વયસ્કો માટે શરદી - ઉધરસનું શ્રેષ્ઠ ઔષધ છે. કાકડાશીંગી સ્વતંત્ર વનસ્પતિરૂપે આપણા પ્રદેશમાં ઓછી જોવા મળે છે. આથી કાકડાશીંગીની બનાવટ કે જેમાં કાકડાશીંગી, સૂઠ, મરી, લીંડી પીપર, ત્રિફળા, ભોરીંગણી, સિંધવ, સંચળ અને લવણ મુખ્ય દ્રવ્યો સ્વરૂપે છે એવું શૃંગ્યાદિ ચૂર્ણ ગરમ પાણી સાથે લેવું. શૃંગ્યાદિ ચૂર્ણ બજારમાં મળી રહે છે.

● **જેઠીમધ :**

સુકી ઉધરસ, ગરમીથી થતી ઉધરસ તથા કફ સાથે જેઠી મધ ઉત્તમ ઔષધ છે. જેઠી મધ ગળામાં થતા ઇન્ફેક્શન તથા અવાજ ઉઘાડવા માટે પણ શ્રેષ્ઠ છે. જેઠી મધનું લાકડું ચાવવું કે ચગળવું અથવા યષ્ટિમધુ ઘનવટી કે જે જેઠી મધનો ઘન છે, તેને ચગળવી, ઉધરસમાં તો તાત્કાલિક ફરક પડશે.

● **લવંગાદિવટી :**

લવિંગ, મરી તથા ત્રિફળાયુક્ત આ ગોળી પણ શરદી - ઉધરસ માટે શ્રેષ્ઠ છે. લવંગાદી વટીને દિવસમાં ચાર-પાંચ ગોળી ચગળવી. કફ છૂટ્ટો પડે. શરદીમાં રાહત અનુભવાશે.

● સૂંઠ, તજ, મરી, લીંડી પીપર, આદુ, તજ, લીલી ચા, તુલસી આદિ શરદી તથા કફને દૂર કરનારા છે. આ ઔષદોનો યથાશક્તિ અલગ અલગ યોગો જેવા કે ઉકાળા કે રસ સ્વરૂપે પ્રયોગ કરી શકાય.

આમ તો, શરદીને લગણી દવાઓ યોગો યાદિનો ઘણાં ખરાં લોકોને ખ્યાલ હોય છે પણ જો આ યોગો યોગ્ય રીતે પ્રયોજવામાં ન આવે તો એકમાંથી બીજો રોગ થઇ શકે. વ્યક્તિની પ્રકૃતિ સાથે યોગો પ્રયોજવા. જેમ કે, ઘણાં લોકો પિત્તપ્રકૃતિ પ્રધાન હોય તો તેઓને સૂંઠા મરી આદિનાં ગરમ યોગો ન આપવા. આપવાથી કદાચ છાતી પેટમાં બળતરા થઇ શકે.

ખાસ વાત એ કે શરદી - સળેખમ દરમિયાન પાચનતંત્રની ખાસ ખ્યાલ રાખવો. કબજીયાત તથા અપચો ન થવો જોઇએ. જો એવું લાગે તો યોગ્ય ઉપચારો કરવા ખાવા-પીવા ખાસ ધ્યા રાખવું, ઠંડા પદાર્થો, વાસી ખોરાક, મૈદાવાળો તથા આથેલો ખોરાક બંધ કરવો અને શક્ય હોય તેટલું ઓછું જમવું અને ભૂખ્યાં રહેવું. બપોરે સૂવાનું ટાળવું, તથા પવન ન લાગે એ રીતે સૂર્યપ્રકાશ. તડકાનું સેવન કરવું.

દર્શાવેલ દવાના યોગોમાંથી ઘણા ખરા રોગો ઘરે તૈયાર થઇ શકે તેવા છે. વ્યક્તિની પ્રકૃતિ તથા બળ મુજબ યોગ્ય માત્રામાં જ અને સાવધાનીથી ઉપયોગ કરવો.

- drkedarju@gmail.com

## સમાચાર ઝલક

- ૨૦૧૩ની સરકારી યોજનાઓનો લાભ લોકોને સીધો મળશે.
- કોઇ પણ ઘડીએ આવશે રેલભાડા વધારાનો રેલો.
- ૨૦૧૩માં દુષ્કાળની ચોંકાવનારી આગાહી.
- બાલાજી : દેવીપદ્માવતીને પાંચ કરોડની સાડી અર્પણ.
- ધીમી ગતિએ રાજ્યનાં ઘણા ભાગોમાં ઠંડીનો જોર વધી રહ્યું છે.
- બેરોજગાર હોય તોય પતિએ ભરણપોષણ તો આપવું જ પડે.
- ઓબામાની યોજનામાં ભારતની મોટી ભૂમિકા હોવાનો સંકેત.
- રાજકોટમાં શરાબીઓનું મળશે સંમેલન, દારૂના વ્યસનીઓને દારૂ છોડાવવા માટેનું એક પ્રૌઢનું અભિયાન.
- લોકપાલ વિધયેકમાં મહત્ત્વના સુધારા ૨૩મી રાજ્યસભામાં મુકાશે.
- શનિવારથી લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ.
- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ડચ ગુલાબની ખેતી થશે.
- કરિશ્મા કપૂર અને સંજય કપૂર છૂટાછેડા લેવાની તૈયારીમાં.
- સોનું ખરીદવા બેંકો લોન નહીં આપે.
- બ્રિટનમાં થયેલા રસપ્રદ સર્વે : પતિપત્ની જાન્યુઆરીમાં સૌથી વધુ રકઝક કરતાં હોય છે, સંબંધો પણ આ માસે તૂટતા હોય છે.
- રાજકીય નેતાઓનો દિલ્હી તરફ ઘસારો, અમદાવાદ-દિલ્હીની ‘એર’ ટિકીટ મળતી નથી.